રાજયના ૧૪ આઈપીએસ અધિકારીઓને બઢતી

નામ	હાલનો હોદ્દો	બઢતી સાથે
શિવાનંદ ઝા	એડી.ડીજીપી (ઈન્ટેલિજન્સ) ગાંધીનગર	ડીજીપી મુળ જગ્યાએ યથાવત
તીર્થ રાજ	એડી.ડીજીપી લો એન્ડ ઓર્ડર ગાંધીનગર	ડીજીપી
આશીષ ભાટીયા	એડી.ડીજીપી સીઆઈડી (ક્રાઈમ) ગાંધીનગર	ડીજીપી મુળ જગ્યાએ યથાવત
એ કે સીંગ	પોલીસ કમિશનર અમદાવાદ શહેર	ડીજી ગ્રેડમાં બઢતી સાથે મુળ જગ્યાએ યથાવત
ડૉ. શયશેર સીંગ	આઈજીપી સુરત રેન્જ	એડીજીપી સુરત રેન્જ
મનોજ અગ્રવાલ	ગૃહવિભાગ સચિવ	એડીજી ગ્રેડમાં બઢતી સાથે મુળ જગ્યાએ યથાવત
બ્રજેશકુમાર જહા	ડીઆઈજી આર્મ્ડ યુનિટ રાજકોટ	આઈજીપી મુળ જગ્યાએ યથાવત
અજયકુમાર ચૌધરી	ડીઆઈજી આર્મ્ડ યુનિટ રાજકોટ	આઈજીપી મુળ જગ્યાએ યથાવત
એડી ચુડાસમા	ડીઆઈજી પંચમહાલ-ગોધરા રેન્જ	આઈજીપી મુળ જગ્યાએ યથાવત
એચ જી પટેલ	ડીઆઈજી (ઈન્ટેલિજન્સ-૧) ગાંધીનગર	આઈજીપી મુળ જગ્યાએ યથાવત
એસ એમ ખત્રી	પ્રિન્સિપલ પોલીસ તાલીમ કેન્દ્ર વડોદરા	આઈજીપી મુળ જગ્યાએ યથાવત
કેડી ભટ્ટ	ડીઆઈજી કોસ્ટલ સિક્યુરિટી એન્ડ ઈન્ટેલિજન્સ ગાંધીનગર	આઈજીપી મુળ જગ્યાએ યથાવત
એસજી ત્રિવેદી	ડીઆઈજી (કોસ્ટલ સિક્યુરિટી) ગાંધીનગર	આઈજીપી મુળ જગ્યાએ યથાવત
ડી એસ ભટ્ટ	એડી પોલિસ કમિશનર (એડમિનિસ્ટ્રેશન) ટ્રાફિક અને ક્રાઈમ રાજકોટ શહેર	આઈજીપી મુળ જગ્યાએ યથાવત

ગાંધીનગર સ્થિત પંજાબ હ્યુન્ડાઈએ બુધવારે એક જ દિવસમાં ૨૫ કારનું વિક્રમી વેચાણ કરી અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. જેના માટે શૉ રૂમ મેનેજર ધર્મેશભાઈ શાહ અને તેમની ટીમને તેમની અભૂતપૂર્વ કામગીરી બદલ કંપનીએ અભિનંદન પાઠવ્યા છે.

આજે ઝુલેલાલ મંદિર ખાતે નિઃશૂલ્ક આર્યુવેદ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૭ આર્યુવેદ હોસ્પિટલ સેકટર-૨૯ દ્વારા ઝુલેલાલ - સાંઈબાબા મંદિર સેકટર -૩૦ ખાતે તા.૧૮-૦૫-૨૦૧૭ ના ગુરુવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમિયાન આર્યુવેદના નિષ્ણાંત ડૉકટર દ્વારા નિઃ શૂલ્ક તપાસ અનેનિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. નગરજનોને આર્યુવેદ કેમ્પનો લાભ મોટીસંખ્યામાં લેવા સિંધી પંચાયત ગાંધીનગરના ઉપ પ્રમુખે અનુરોધ કર્યો છે.

ઈન્ડિયા ગ્રિડ ટ્રસ્ટ ૧૯ એન્કર ઈન્વેસ્ટર્સને ૧૦૧૨.૪૪ કરોડનાં ૧૦.૧૨ કરોડ યુનિટની ફાળવણી યુનિટદીઠ ૧૦૦નાં ભાવે કરશે

ઇશ્યૂ ૧૭ મે, ૨૦૧૭નાં રોજ ખુલશે અને ૧૯ મે, ૨૦૧૭નાં રોજ બંધ થશે : પ્રાઇઝ બેન્ડઃ યુનિટદીઠ રૂ. ૯૮થી રૂ. ૧૦૦

[redacted] ઈન્ડિયા ગ્રિડ ટ્રસ્ટ (“ઈન્ડિગ્રેડ” [redacted]) ૧૯ એન્કર ઈન્વેસ્ટર્સને [redacted] ૧૦૧૨.૪૪ કરોડનાં ૧૦.૧૨ કરોડ [redacted] વણી યુનિટદીઠ રૂ. ૧૦૦ [redacted] ઝ બેન્ડની અપર એન્ડ)ના ભાવે ફ [redacted] ૧૭ મે, ૨૦૧૭નાં રોજ [redacted], જે કુલ રૂ. ૨૨૫૦ કરોડ (“ [redacted] નિશિયલ પબ્લિક ઈશ્યૂ [redacted] દીઠ પ્રાઈઝ બેન્ડ રૂ. ૯૮થી રૂ. ૧૦ [redacted] ઈન્ડિગ્રિડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમે [redacted] VIT”) છે, જેની સ્થાપના [redacted] માં આંતર-રાજ્ય પાવર ટ્રાન્સમિશ [redacted] ની માલિકી માટે કરવામાં [redacted] છે. સ્ટર્લાઇટ પાવર ગ્રિડ વેન્ચર્સ [redacted] સ્ટર્લાઇટ ઈન્વેસ્ટમેન્ટ [redacted] સ લિમિટેડ એ ઈન્ડિગ્રિડનાં અનુક [redacted] ને ઈન્વેસ્ટમેન્ટ મેનેજર [redacted] કિસિસ ટ્રસ્ટી સર્વિસીસ લિમિટેડ [redacted] ટ્રસ્ટી છે. [redacted] બિડ્સ લઘુતમ ૧૦,૨૦૬ યુનિટ માટે [redacted] ૧૦૩ યુનિટનાં ગુણાકારમાં [redacted] કશે. બિડ/ઈશ્યૂ ૧૯ મે, ૨૦૧૭નાં ર [redacted] ન્કર ઈન્વેસ્ટર્સ સિવાયનાં [redacted] માટે બિડની લઘુતમ સાઈઝ રૂ. ૧ [redacted] ૧૦ લાખ) છે. [redacted] નિશિયલ પબ્લિક ઈશ્યૂ સીક્યોરિટી [redacted] ચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા [redacted] સ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ) નિયમ [redacted] જેમાં સુધારા મુજબ,નાં [redacted] ૧૪(૪) પર આધારિત છે, જેમાં [redacted] રિપત્રો અને ઈશ્યૂ થયેલા [redacted] (“InvIT Regulations”) સામેલ [redacted] ઈશ્યૂ પછીનાં આધારે [redacted] ગ્રિડનાં બાકીનાં યુનિટનો ઓછામાં [redacted] કા હિસ્સો ધરાવશે. [redacted] ઈન્ડિગ્રિડનાં યુનિટનું લિસ્ટિંગ બી [redacted] ડ (“બીએસઈ”) અને [redacted] લ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા [redacted] એનએસઈ”) પર થશે.

‘રોંગ સાઈડ રાજૂ’ ગુજરાતી ફિલ્મ નિર્માણને એક કરોડની પ્રોત્સાહક સહાય

મનોજ જોશી-હિતુ કિનોડિયાનું વિશેષ સન્માન

ગાંધીનગર, તા. ૧૭

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતી ચલચિત્રો ફિલ્મોને અન્ય ભાષાની સમકક્ષ વિશ્વ પ્રતિષ્ઠા અપાવવા રાજય સરકારની પ્રતિબધ્ધતા દર્શાવી છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગુજરાતી ફિલ્મોમાં સમયાનુકુલ બદલાવ સાથે યુવા કલાકાર-કસબીઓ-દિગ્દર્શકોની નવી પેઢીના શક્તિ સામર્થ્યની સહયોગથી ગુજરાતી ફિલ્મો પ્રતિષ્ઠા વધુ ઊંચે લઈ જવાની રાજય સરકારની નેમ છે. વિજય રૂપાણીએ રાષ્ટ્રીય ચલચિત્ર પારિતોષિક વિજેતાઓના અભિવાદન સમારોહ તહેત શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ રોંગ સાઈડ રાજુની નિર્માણ સંસ્થાને રાજય સરકારની ચલચિત્ર પ્રોત્સાહક નીતિ અન્વયે એક કરોડનો ચેક અર્પણ કર્યો હતો. વિજય રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાતી ફિલ્મોને ફિલ્મ ઈન્ડસ્ટ્રીને પ્રોત્સાહન સહાય પ્રેરણા માટે રાજય સરકારનું મન ખુલ્યું છે અને સૌના સહયોગથી ગુજરાતી ચલચિત્ર જગતને નવા મુકામ પર લઈ જવું છે. નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીએ આ ફિલ્મના કલા કસબીઓ, નિર્માતા, દિગ્દર્શક અભિનેતા વગેરેને પ્રશિસ્ત પત્ર અને સ્મૃતિચિન્હની સન્માનિત કર્યા હતા. મુખ્યમંત્રીએ શ્રેષ્ઠ સહાયક પુરસ્કાર મરાઠી ફિલ્મ દશક્રિયા માટે મેળવનારા મુળ ગુજરાતી વરિષ્ઠ અભિનેતા મનોજ જોષી અને ૨૦૧૭નો દાદા સાહેબ ફાળકે ફાઉન્ડેશનનો શ્રેષ્ઠ અભિનેતા એવોર્ડ મેળવનારા યુવા અભિનેતા હિતુ કનોડીયાનું વિશેષ સન્માન અભિવાદન કર્યું હતું. વિજય રૂપાણીએ ઉમેર્યું કે, ગુજરાતી ફિલ્મોનો વ્યાપ વધે તથા ગુજરાતી નિર્માતા, દિગ્દર્શકો, કલાકારોને પ્રોત્સાહન મળે તે હેતુથી રાજય સરકારે ચલચિત્ર નિર્માણ પ્રોત્સાહન નીતિ ઘડી છે. આ ફિલ્મ ઊદ્યોગમાં નવા વિચારો, નવી ટેકનોલોજી નવા પરિમાણોથી યુવાશક્તિ વિશેષ પ્રમાણમાં પ્રેરિત થઈને ફિલ્મ નિર્માણ દિગ્દર્શન જેવા ક્ષેત્રે જોડાય તેવી ઓજસ પાથરે તે સમયની માંગ છે. મનોજ જોષીએ પોતાની માતૃભૂમિ ગુજરાતમાં તેમને મળી રહેલા આ ગૌરવ સન્માનને વિશ્વના અન્ય કોઈપણ સન્માનથી અદકેરૂ ગણાવ્યું હતું. રોંગ સાઈડ રાજુના નિર્માણ અભિષેક જૈને ગુજરાતી ફિલ્મોને ઓસ્કાર એવોર્ડ નોમીનેશન સુધી પહોંચાડવામાં આવા સન્માન નવું બળ પુરુ પાડશે તેવી શ્રધ્ધા વ્યક્ત કરી હતી.

પ્રાંતિજ તાલુકા ભાજપ યુવા મોરચાના પ્રમુખ, મહામંત્રીની વરણી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ભાજપ યુવા મોરચામાં પ્રમુખ તરીકે વિપુલભાઈ એમ. શર્મા તથા મહામંત્રી તરીકે કલ્પેશભાઈ પટેલની વરણી કરવામાં આવતાં પ્રાંતિજ સહિત તાલુકાના યુવા મોરચામાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને શહેર તથા તાલુકા ભાજપ કાર્યકરો મિત્રો સહિત સગાસંબંધીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

સે-૨૪ શાકમાર્કેટ પાસેનું પે એન્ડ યુઝ ટોઈલેટ બંધ હાલતમાં

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં સ્વચ્છ મિશન અભિયાન હેઠળ નગરમાં ભીડભાડવાળા વિસ્તારમાં તંત્ર દ્વારા પે એન્ડ યુઝ શૌચાલય તૈયાર કરાયા છે. આ પે એન્ડ યુઝ ટોઈલેટ શ્રમિક નાગરીકો માટે આશિર્વાદરુપ સાબિત થઈ રહ્યા છે. તો કેટલાક સ્થળો પર હજુ સુધી ટોઈલેટ તૈયાર હોવા છતા સામાન્ય ખામીને પગલે કાર્યરત થઈ શક્યા નથી. ત્યારે સે-૨૪ શાકમાર્કેટ પાસે પણ તંત્ર દ્વારા નવનિર્મિત પે એન્ડ યુઝ ટોઈલેટ તૈયાર કરાયું છે.

પરંતુ છેલ્લા કેટલાય સમયથી મોટર બગડી છે, પાણી નથી તેવું પાટીયું લટકી રહ્યું છે. જયાં સૌથી વધુ નાગરીકો ટોઈલેટનો લાભ લઈ શકે તેવા સ્થળે તૈયાર થયેલા ટોઈલેટના પ્રારંભે જ ખામી સર્જાતા વેપારીઓ અને શાકભાજી ખરીદી માટે આવતા નાગરીકો મુસીબતનો સામનો કરી રહ્યા છે. ત્યારે આ ટોઈલેટ તંત્ર દ્વારા સત્વરે શરુ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેર સ્વચ્છ અને સુંદર બની રહે તે માટે તંત્રના અધિકારીઓ રાત-દિવસ કામ કરી રહ્યા છે. શહેરમાં વસતા નગરજનોને જાહેરમાં શૌચક્રિયા કરવી ન પડે તે માટે તંત્ર દ્વારા વિવિધ સેકટરો તેમજ સર્કલો પર પે એન્ડ યુઝ ટોઈલેટ બનાવાયા છે. જેનો મહતમ ઉપયોગ નાગરીકો કરી રહ્યા છે.

ત્યારે સેકટર-૨૪ શાકમાર્કેટ પાસે તંત્ર દ્વારા નવનિર્મિત ટોઈલેટ તૈયાર કરાયું છે. પરંતુ શાકમાર્કેટના વેપારીઓ કે નાગરીકોના વપરાશ હેતુસર ટોઈલેટ ખુલ્લુ મુકાયું નથી. મળતી માહિતી પ્રમાણે કેટલાક નાગરીકો જણાવે છે કે પાણીની મોટર બગડી છે તેમજ ગટરનું કનેકશન જોડવામાં આવ્યું નથી તેથી શૌચાલય બંધ હાલતમાં છે. સે-૨૪ શ્રમિક પરિવારો તેમજ મજુરીયાત વર્ગ મોટીસંખ્યામાં આવન-જાવન કરે છે.

જયારે શાકમાર્કેટ નજીક હોવાથી વેપારીઓ અને શાક ખરીદવા માટે આવતા નાગરીકો આ શૌચાલયનો મહતમ ઉપયોગ કરી શકે છે. પરંતુ શૌચાલય નવિન હોવા છતા બંધ હોવાથી નાગરીકો પણ અચરજ પામે છે. ત્યારે આ શૌચાલય સત્વરે શરુ થાય તેવી લાગણી અને માંગણી નાગરીકોની છે.

અમરેલી અને રાજકોટમાં વરસાદી ઝાપટા પડ્યા

અમદાવાદ, તા.૧૭

સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં આજે પણ વરસાદ પડતા લોકોમાં આશ્ચર્યનું મોજુ ફરી વળ્યું હતું. અમરેલીના રાજુલા સહિતના પંથકમાં કરા અને વાવાઝોડા સાથે વરસાદ થયો હતો. અમરેલીના દીપડીયા, ધારેશ્વર, વાવેરામાં વાવાઝોડા સાથે વરસાદી ઝાપટુ પડ્યું હતું. તીવ્ર ગરમી પડી રહી છે ત્યારે એકાએક સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં હવામાનમાં પલ્ટો આવ્યો હતો. અમરેલી ઉપરાંત રાજકોટના જુદા જુદા ભાગોમાં પણ ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડ્યા હતા. જેથી ગરમીથી ત્રસ્ત બનેલા લોકોને આંશિક રાહત મળી હતી. વરસાદના કરા પણ પડતા સ્થાનિક લોકોમાં આશ્ચર્ય જોવા મળ્યું હતું. રાજકોટ અને અમરેલી સહિત સૌરાષ્ટ્રભરમાં છેલ્લા એક સપ્તાહથી તીવ્ર ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે ત્યારે ફરી એકવાર વાતાવરણમાં આજે પલ્ટો આવ્યો હતો.

બીજી બાજુ હવામાન વિભાગ દ્વારા વરસાદી ઝાપટા પડવાની આગાહી કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. બીજી બાજુ આજે પણ તીવ્ર ગરમીનું મોજુ રહ્યું હતું. સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ગાંધનગરમાં ૪૩.૪ સુધી પારો પહોંચી ગયો હતો. અમરેલીમાં પાર ૪૩ સુધી રહ્યો હતો. અમદાવાદમાં મહત્તમ તાપમાન આજે ૪૨.૮ ડિગ્રી રહ્યું હતું. ગરમીના પ્રકોપથી હાલ રાહત મળે તેવી શક્યતા નહિવત દેખાઈ રહી છે. દરમ્યાન હવામાન ખાતાની આગાહી મુજબ, હજુ પણ આગામી દિવસોમાં ગરમીનું મોજુ યથાવત્ રહેવાની સંભાવના છે. અમદાવાદ શહેર માટે હિટવેવ એક્શન પ્લાનની જાહેરાત કરવામાં આવ્યા બાદ આને અમલી રાખવામાં આવ્યો છે. લોકોને હિટવેવ સામે જાગૃત કરવા પણ પગલા લેવાયા છે.

જંગી ઓપરેશન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓપરેશન માટે મોકલવામાં આવ્યા હતા. હિંસક ટોળાને વિખેરવા માટે સુરક્ષાબળો દ્વારા ટિયર ગેસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સ્થાનિકોના ભારે હિંસક વિરોધ બાદ કોર્ડન હટાવી દેવાયું હતું. [redacted] ન અરૂણ જેટલી તથા સેનાધ્યક્ષ જનરલ બિપીન રાવત બુધવારે [redacted] કાશ્મીરના શ્રીનગર પહોંચ્યા હતા. અહીં તેઓ ફિલ્ડ કમાન્ડર્સ [redacted] કરશે જેમાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવતાં સંઘર્ષ વિરામના [redacted] ચર્ચા કરશે તથા પાકિસ્તાન દ્વારા ઊભા કરવામાં આવેલા પડકારનો [redacted] રીતે કરવો તેની ચર્ચા કરવામાં આવશે.

[redacted] ખનીય છે કે, દસેક દિવસ અગાઉ પણ આવું જ જંગી અભિયાન [redacted] મીરમાં હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં બેક લૂંટમાં સંડોવાયેલા [redacted] તંકવાદીઓને ઝડપી લેવા કવાયત હાથ ધરવામાં આવી હતી. [redacted] ચાર હજાર જવાનોને કામે લગાડવામાં આવ્યા હતા.

[redacted] વારે રાત્રે ૧૨.૫૦ કલાક પાકિસ્તાનની સેના દ્વારા બાલકોટ [redacted] ફોરવર્ડ પોસ્ટ્સ અને નાગરિક વિસ્તારોમાં સંઘર્ષ વિરામનો ભંગ [redacted] રાજૌરી સેક્ટરમાં લાઈન ઓફ કંટ્રોલ પર ફાયરિંગ કર્યું હતું, જે [redacted] રાત્રે દોઢ વાગ્યા સુધી ચાલ્યું હતું. નૌશેરા સેક્ટરમાં મંગળવારે [redacted] ૩૦ કલાકથી નવ વાગ્યા સુધી મધ્યમ અને નાના મોર્ટાર તથા [redacted] ક હથિયારોથી ફાયરિંગ કર્યું હતું. પાકિસ્તાનના ફાયરિંગને કારણે [redacted] ન્ઝ વિસ્તારમાં રહેતા લગભગ દસ હજાર નાગરિકોને અસર [redacted] બાલકોટ સેક્ટરમાં લગભગ ૧૭૦૦ નાગરિકોને સલામત સ્થળે [redacted] આવ્યા હતા. તા. ૧૩મી મેના પાકિસ્તાની સેનાના ફાયરિંગમાં [redacted] રિકો ઘાયલ થયા છે, જ્યારે બેના મોત થયા છે. અગાઉ તા. ૧૩, [redacted] ૧૫ના પણ સંઘર્ષ વિરામનો ભંગ કરવામાં આવ્યો હતો.

[redacted] વહીવટી તંત્રે મૃતકોના પરિવારજનોને તત્કાળ રૂ. એક લાખની [redacted] ડેર કરી છે. ૨૫ જેટલી ઈમારતોને રાહત અને બચાવ કામગીરી [redacted] રિત કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૬માં પાકિસ્તાન દ્વારા ૪૪૯ [redacted] ર્ષ વિરામનો ભંગ કરવામાં આવ્યો હતો, જ્યારે વર્ષ ૨૦૧૫માં [redacted] ત સંઘર્ષ વિરામનો ભંગ કર્યો હતો.

[redacted] ણને મંજુરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

[redacted] હેલી મહિલાઓ માટે આ સ્કીમ રાખવામાં આવી છે. પાયલોટ [redacted] મ બે બાળકોના જન્મ માટે લાગુ થશે. સગર્ભા મહિલા અને બાળ [redacted] ાલયમાંથી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર મારફતે ત્રણ તબક્કામાં [redacted] ૦૦૦ની રોકડ સહાયતા મેળવી શકશે. માતાને પહેલા [redacted] સ્થાની નોંધણી બાદ ૧૦૦૦ રૂપિયા આપવામાં આવશે. જ્યારે બે [redacted] યા સગર્ભાવસ્થાના છ મહિના બાદ ચેકઅપ દરમિયાન આપવામાં [redacted] ત્યારે બીજા બે હજાર રૂપિયા બાળકના જન્મની નોંધણી કરવામાં [redacted] દ આપવામાં આવશે.

[redacted] જી, ઓપીવી, ડીપીટી અને અન્ય રસી બાળકને અપાવતી વેળા સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. આ તમામ લાભ મહિલાઓ માટે જારી રહેશે. સંસ્થાકીય ડિલિવરી બાદ પ્રવર્તમાન કાર્યક્રમ હેઠળ આ લાભ આપવામાં આવશે.

ગયા વર્ષે ૩૧મી ડિસેમ્બરના દિવસે રાષ્ટ્રને નામ સંબોધનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રવર્તમાન ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજનાના પાન ઈન્ડિયા વિસ્તરણની જાહેરાત કરી હતી. પ્રવર્તમાન ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના વર્ષ ૨૦૧૦ બાદથી પાયલોટ આધાર ઉપર ૫૬ જિલ્લાઓમાં અમલી કરવામાં આવી ચુકી છે.

રસ્તા પર પ્રદર્શન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રસાદે કેન્દ્ર સરકાર પાસે કથિત લેન્ડ ડીલની તપાસની માગણી કરી હતી.

આવકવેરા વિભાગના દરોડા બાદ લાલુ પ્રસાદ યાદવે ધમકી આપી હતી કે જો અમારો અવાજ દબાવવાનો પ્રયત્ન કર્યો તો દેશભરમાં કરોડો લાલુ પેદા થઈ જશે. આ સાથે જ તેમણે ભાજપને તેમના નવા સહયોગી (મીડિયા અને સીબીઆઈ) માટે અભિનંદન પણ પાઠવ્યાં. લાલુએ તાબડતોડ ટ્વિટ કરીને પ્રહારો કર્યા હતાં. તેમણે કહ્યું હતું કે લાલુ પ્રસાદ ઝૂકવાના નથી કે ડરવાના નથી. છેલ્લા શ્વાસ સુધી ફાસીવાદી તાકાતો વિરુદ્ધ લડતા રહેશે.

લાલુએ ટ્વિટ કરીને એવું પણ કહ્યું હતું કે ભાજપમાં હિંમત નથી કે લાલુનો અવાજ દબાવી શકે. તેમણે એવું પણ કહ્યું હતું કે આરએસએસ-ભાજપને લાલુના નામથી કંપારી છૂટી છે. તેમને ખબર છે કે લાલુ તેમના જૂઠ, લૂંટ અને જુમલાઓના કારોબારને ધ્વસ્ત કરી રહ્યાં છે તો દબાણ બનાવો.

લીલી ઝંડી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે. આ માટેની તૈયારીઓ ડેરી દ્વારા કરવામાં આવી હોવાનું પણ પ્રેઝન્ટેશન દરમ્યાન જણાવવામાં આવ્યુ હતુ.

આ ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં કૃષિ બાદ અર્થતંત્રનો સૌથી મહત્વનો બીજો આધારસ્તંભ ગણાતા પશુપાલનના વ્યવસાયને પ્રોત્સાહિત કરવા માટે ૫૦ થી વધુ કૃત્રિમ બીજદાન કેન્દ્રો શરૂ કરવા માટેનો છે.

મધુર ડેરી દ્વારા આ પ્રોજેક્ટ માટે રૂ. ૮૫ લાખથી વધુનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. કેટલાક કૃત્રિમ બીજદાન કેન્દ્રો પર તે જિલ્લાના પશુપાલન શાખાની આંતરમાળખાકીય સુવિધાઓનો પણ ઉપયોગ કરશે તો કેટલાક સ્થાનો પર તે આ સુવિધા પોતાની રીતે ઉભી કરશે.

મધુર ડેરીના સંચાલકોએ વારંવાર એ વાત કહી છે કે જિલ્લામાં પશુપાલનને પ્રોત્સાહિત કરવામાં તેઓ ક્યારેય પાછી પાની કરશે નહિ. તેના ડૉક્ટરોની ટીમ પણ જિલ્લામાં પશુ સારવારની વિશેષ સેવાઓ આપે છે.

મધુર ડેરીના આ બે પ્રોજેક્ટ જિલ્લાના અર્થતંત્રને વધુ મજબુતીકરણ આપશે તેમજ વિકાસને પણ નવી દિશા આપશે તેમ આજે દાવો કરવામાં આવ્યો છે.

માહોલ સર્જાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૪ એએસપી, ૨૨ ડીવાયએસપી, ૬૦ પીઆઈ, ૧૪૦ પીએસઆઈ, ૯૦૦ પોલીસ જવાનો, ૧૪૦ મહિલા પોલીસ, ૧૦૦ ટ્રાફીક પોલીસ, પાંચ કંપની એસઆરપી અને ક્વીક રીસ્પોન્સ ટીમો પાટનગરમાં ખડે પગે બંદોબસ્તમાં તૈનાત રહેશે. ૨૨ થી ૨૬ મે દરમ્યાન પાંચ દિવસ સુધી પાટનગર ફરી પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવશે.

લાઈનની મરામત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેના અંતે મહીનાના અંતમાં ખ માર્ગ પરના ગાબડા દુર કરવા માટે કામ શરૂ કરી દેવાશે. ખ- ૫ થી ખ-૭ વચ્ચે અંદાજિત ૭૦ જેટલી સ્ટોર્મ વોટર લાઈનની ચેમ્બરો તુટેલી હાલતમાં છે. જયારે આ ચેમ્બરોને યોગ્ય કરવા માટે ટુંકમાં કામ શરૂ કરી દેવાશે. ખ માર્ગ પરની આ ભયજનક સ્થિતિના લીધે અનેકવાર વાહનચાલકો અકસ્માતનો પણ ભોગ બન્યા છે.

ગટર લાઈન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે-૨,૩ અને સે-૪ માં થોડા સમય અગાઉ જ લાઈન નાંખવાનુ કામ પુર્ણ કરવામાં આવ્યુ છે. જયારે હજુ પણ નગરના જુના સેકટરોમાં નવી લાઈન નાંખવાની અનિવાર્યતા હોવાનુ ધ્યાને આવતા તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં સે-૨૪,૨૫ અને સે-૨૭ માં ગટર લાઈનને લગતી સમસ્યાઓને ડામવા માટે તંત્ર દ્વારા નવી દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. આ ત્રણેય સેકટરોમાં ગટરોનુ દુષિત પાણી ઉભરાતુ હોવાની ફરિયાદો અનેકવાર ઉઠવા પામે છે. જેને ડામવા માટે લાઈનને અપગ્રેડ કરવા તંત્ર દ્વારા વધારાની લાઈન નાંખવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧.૨૫ કરોડનો ખર્ચ થાય તેમ છે. વિભાગ દ્વારા દરખાસ્તને મંજુરી આપી દેવાયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

આંધીનગર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યુ છે. જયારે વૃક્ષોની ઘટતી સંખ્યા પણ પ્રકૃતિ પ્રેમીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે. નગરની નર્સરીઓમાં રંગબેરંગી સુશોભન આપતા ફુલોના છોડવા ઉછેરવાની નીતિના લીધે વૃક્ષ ઉછેરની વાત કોરાણે મુકાઈ ગઈ છે. અગાઉના વર્ષો દરમિયાન વનવિભાગે નર્સરીઓને આપેલા આદેશના લીધે માત્ર ફુલછોડના રોપાઓ ઉછેરવાની ગતિવિધિઓ વૃક્ષોના અસ્તિત્વ માટે ખતરારૂપ પુરવાર થઈ છે. એટલુ જ નહીં પરંતુ બોરીજ અને ઉર્જાનગર નર્સરીમાં વૃક્ષોની કટોતી થતા હાઈટેક બનતા શહેરની સાથે નર્સરીઓ પણ વૃક્ષો માટે ઘાતક બની હોવાનો સુર ઉઠવા પામ્યો છે. બીજીતરફ ઘટતી વૃક્ષોની સંખ્યા વચ્ચે નગર ધુળિયુ બનતુ જતુ હોવાનુ પણ મનાઈ રહયુ છે. માટી સંરક્ષણની પ્રવૃતિને વેગ ન મળતા માટીના બદલે રેતીનુ પ્રમાણ વધી રહયુ છે. જેના લીધે ગાંધીનગર આંધીનગર બની રહયુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ખોદકામ પ્રવૃતિની સાથે બાંધકામ અને વૃક્ષોની ઘટતી સંખ્યા તેમજ વૃક્ષ ઉછેરની પ્રવતિ સામે સેવાતી ઉદાસીનતા પણ ધુળિયા વાતાવરણ માટે જવાબદાર હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

[redacted] દીવળાનું અજવાળું [redacted] ચાલુ...

[redacted] છે લોકો પ્રેમથી પૈસા આપે છે [redacted] ું. ગાડી ઊભી રહે છે. [redacted] ! આ તો નંદુરબાર! મહાકવિ પ્રે [redacted] રાધ્ય ગામ. [redacted] રેશ મળેલા પૈસા ગણ છે પૂરા ૩૫ [redacted] ાઈ, આ તારી મહેનતના [redacted] ઠના રૂા. ૩૫૦/- પેલો અપંગ [redacted] રતાં કહે છે, મેં તો ૫૦ [redacted] માગેલા. બીજા વધારે માન ન [redacted] મોટું ? શું આ ભૂમિનો [redacted] હશે ? ગાંધીની પ્રસ્તુતિ ને ચગ [redacted] રાઓને આ જવાબ છે [redacted] થાય છે : ચાલો, આનો ચા-નાસ્તો [redacted] ગ્ર કમ્પાર્ટમેન્ટના મિત્રો [redacted] આનંદ માણીએ. એમ થાય છે [redacted] ી આનંદ! પેલો અપંગ [redacted] તો ત્યાં ઉતરી જાય છે.

[redacted] ય સરદાર... જય સરદાર... [redacted] ાથી કમ્પાર્ટમેન્ટ આખું [redacted] ઊઠે છે. બાપુની પૂણ્યભૂમિ તર [redacted] પકડે છે. યુવાન સુરેશ [redacted] મેની ગાંધી ટોળી આખાયે કમ્પા [redacted] ીને સાફ કરવા મંડી પડે [redacted] બામાંના બીજા મુસાફરો શર [redacted] ોડા કાગળના ટૂકડા કે [redacted] ના ફોતરાં ઉઠાવી પ્લાસ્ટિકની ડ [redacted] કે છે. અહીંથી શરુ થાય [redacted] મની જાહેર દૈનિક ક્રિયા એમ ત્ર [redacted] ર્ટમેન્ટ ચોખ્ખા ચણાક [redacted] ાય છે. સૂરજનું અજવાળું તો સ [redacted] ને માણ્યું છે પણ આવા [redacted] ડાના અજવાળા થકી ગુજરાત